# IIT ગાંધીનગરે USની ડ્યુક યુનિ. સાથે હાથ મિલાવ્યા

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઉચ્ચ શિક્ષણમાં સહકાર અંગે ભારત અને યુ.એસ.ની સરકાર વચ્ચે થયેલા કરારના ભાગરૂપે ૫થી ૮ જાન્યુઆરી વચ્ચે અમેરિકાની ડ્યુક યુનિ.ના ૧૫ સભ્યોની ટૂકડી IIT ગાંધીનગરની મુલાકાતે આવી રહી છે જેમાં IITને ટેક્નોલોજી અને સંશોધન માટેનું કેન્દ્ર બનાવવા અંગે ચર્ચા હાથ ધરાશે.યુ.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના ફંડિંગની મદદથી હાથ ધરાયેલા આ પ્રોજેક્ટમાં ડ્યુક યુનિવર્સિટી અને IIT ગાંધીનગર વચ્ચે રિસર્સ, સ્ટુડન્ટ એક્સચેન્જ જેવા કાર્યક્રમો હાથ ધરાશે. ભારત ડ્યુક યુનિવર્સિટી માટે અગત્યનું સ્થળ હોવાનું જણાવતા ડ્યુકયુનિવર્સિટીના રિસર્ચ માટેના વડા લેરી ક્લેઈને જણાવ્યું હતું કે, “ડ્યુક યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર છે. આથી USAID તથા અમારા નોર્થ કેરોલિનાના પાર્ટનર આરટીઆઈ ઈન્ટરનેશનલ સાથે મળીને IIT ગાંધીનગરના સહકારમાં આ પ્રવૃત્તિ હાથ ધરવાનો અમને આનંદ છે.”